અપીલ અરજી નં.૪૦૪ તા.૧૭–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કે.એ.ઘીવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે.એ.ઘીવાલાની તા. ૨૩–૯–૧૧ની અરજીથી મિલ્કત નં.૧૨/૧૩૫૨ વાળી મિલ્કત ટેના નં.૧૨એ–૧૫–૯૩૧–૦–૦૦૧ અને ૦૧૧ ની રીપેરીંગ તેમજ આકારણી અને વેરા વસુલાત અંગેની મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૪/૨૦૧૧–૧૨

શ્રી કે.એ.ઘીવાલાની તા. ૨૩–૯–૧૧ની અરજીથી મિલ્કત નં.૧૨/૧૩૫૨ વાળી મિલ્કત ટેના નં.૧૨એ –૧૫ –૯૩૧ –૦–૦૦૧ અને ૦૧૧ ની રીપેરીંગ તેમજ આકારણી અને વેરા વસુલાત અંગેની મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./ ૧૪૩૦ તા. ૦૪–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૭–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૮ તા.૨૪–૧૧–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત સહ મુળ માહિતીથી મળેલ વિગત સામે નારાજગીના આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧–૧૨–૧૧ ના રોજ મળેલ પૂરક વિગતમાં સને ૨૦૦૭–૦૮ તા.૩૧–૧૨–૦૭ ના રોજ ટેના નં.૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ ની ટેક્ષ. ભર્યાની રસીદની નકલ, સૈયદ સાબીયા અબ્બાસ ની તા.૨૭–૩–૮ ના રોજ મિલ્કત રીપેરીંગ માટે કરેલ અરજીન નકલ, તા.૨૩–૯–૧૧ ની મુળ અરજીની નકલ , અરજદારને આપેલી માહિતી અંગે ના પત્ર નોંધ વિભાગની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૩–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગ સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૩૦ તા.૪–૧૧–૧૧ થી નિયત સમય અવધિ બાદ અરજદારને મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) એસે. અને રીકવરી વિભાગમાં આવેલ રેકર્ડના પેપર્સો કઈ તારીખથી લઈ આજ સુધીના રેકર્ડના પેપર્સનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગમાં કોમ્પ્યુટરાઈઝેશન વર્ષ ૧૯૭૯–૮૦ થી કરવામાં આવેલ છે. મુદ્દા નં.ર કોમ્પ્યુટરમાં કયા પેપર્સોના સંગ્રહ કરવામાં આવે છે. મુદ્દા નં.૩ તા.૮–૧૨–૦૬ ના રોજ ફોર્મ ૧૨૩૮૬ થી થયેલ જે તુમાર એફ.ડી.ટી. નં.૭૦ તા.૪–૧–૦૭ ના જે જે પેપર્સનો સંગ્રહ કરેલ છે તે તમામ પેપર્સ સંગ્રહ થયેલાની માહિતી. તેવા મંદ્દા નં.ર અને ૩ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોમ્પ્યુટરમાં નિયત કરેલ ફોર્મેટમાં ડેટાનો સંગ્રહ કરવામાં આવે છે. પેપર્સોનો સંગ્રહ કરવામાં આવતો નથી. જેથી એફ.ડી.ટી. નં.૭૦ ના પેપર્સોનો સંગ્રહ કરવામાં આવેલ નથી. નિયત ફોર્મેટ મુજબ તેના ડેટા આપવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ વોર્ડ નં.૧૨/૧૩૫૨ મિલ્કત પૈકીમાં આવેલ ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧ –૦–૦૧૧ દફતરે નોંધાયેલ હતો તેમાં દાખલ ભાહુત સરદારખાં કાસમખાનુ નામ કમી થતાં તે જગ્યા ટ્રસ્ટના કબ્જા ભોગવટામાં આવતા તેને નવો ટેના નં.આપી ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ આપેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૧૨/૧૩૫૨ વાળી મિલ્કતમાં આવેલ ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦૧૧ પર દાખલ ભાહુત સરદારખા કાસમખાનું નામ કમી થતાં તે જગ્યા ટ્રસ્ટના કબ્જા ભોગવટામાં આવતા ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧ –૦–૦૦૧ વાળી મિલ્કતમાં ઉમેરવામાં આવેલ છે. નવો નંબર આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧ –૦–૦૧૧ ના કાચા બાંધકામને

રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળુ ભોંયતળીયાનું બાંધકામ કરવામાં આવેલ છે તો ટેના નં.૧૨એ–૧૫ –૦૯૩૧ –૦ –૦૧૧ નું રીપેરીંગ થયા પહેલાનું માપ શું હતું લં×૫ જણાવશો. જે ટ્રસ્ટના કબ્જામાં આવ્યા બાદ થયેલ ગર્ડર ચેનલવાળા રીપેરીંગ થયા પછીનું માપ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ પર દાખલ ભાડુત ખાલી કરી જતાં તે જગ્યા ટ્રસ્ટના કબ્જા ભોગવટામાં આવતા ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં ઉમેરવામાં આવેલ છે. અને તે મિલ્કતને રીપેર કરી ગર્ડર ચેનલવાળુ ભોંયતળીયાનું બાંધકામ કરવામાં આવેલ છે. ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ વાળી મિલ્કતનું માપ ૧૨×૧૨ હતું તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ ને નવો ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ આપેલ અને તે રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળુ ભોંયતળીયાનું બાંધકામ કરેલ છે તો આ ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧ –૦–૦૦૧ જે ટ્રસ્ટના કબ્જામાં આવ્યા બાદ થયેલ ગર્ડર ચેનલવાળા રીપેરીંગ થયા પછીનું માપ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ પર ભાડુત ખાલી થઈ જતાં તે જગ્યા ટ્રસ્ટના કબ્જા ભોગવટામાં આવતા નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં ઉમેરવામાં આવેલ છે. નવો નંબર આપવામાં આવેલ નથી. સદર જગ્યા રીપેર થયા બાદનું માપ ૧૨×૧૨, ૫×૮ અને ૧૫×૧૮ દાખલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ તા.૨૭–૩–૦૮ ના સૈયદ સાબીયા અબ્બાસ ધ્વારા તેમના ઘરને રીપેરીંગ કરવા દેવા મંજુરી આપવા માટે પ્રતિ કાર્યપાલક ઈજનેર સાહેબશ્રીને અરજી કરેલ હતી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં તા.૨૭–૩–૦૮ ના રોજ સૈયદ શબીયા ધ્વારા રીપેરીંગ કરવા અંગેની જાણ કરતી અરજી કાર્યપાલક ઈજનેર છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ તા.૨૭–૩–૦૮ ની શ્રી કાર્યપાલક ઈજનેરશ્રીને સંબોધી કરેલ કે નીચે મુજબનું રીપેરીંગ કરવાનું છે તેમ જણાવી અરજી કરેલ તે અરજીની સાથે ટેના નં. નં.૧૨એ–૧૫–૦૯૩૧ –૦–૦૦૧ ના રોજ ભરપાઈ કરેલ છેલ્લા વેરાબીલની રજૂ કરેલ હતી?તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં તા.૨૭–૩–૦૮ ના રોજ અરજી સાથે ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧ –૦–૦૦૧ ના ભરપાઈ કરેલ છેલ્લા વેરાબીલની રસીદ રજૂ કરેલ હોવાની કોઈ વિગતો ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૯ નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ તા.૧–૪–૦૭ ની અસરથી રેકર્ડ પર દાખલ છે જયારે તા.૨૭–૩–૦૭ ની અસરથી રેકર્ડ પર દાખલ છે. જયારે તા.૨૭–૩–૦૮ ની કાર્યપાલક ઈજનેરશ્રી સાહેબની રીપેરીંગ નીચે મુજબ કરવાનું છે તેમ જણાવી રીપેરીંગની મંજુરી માંગેલ છે. (રીપેરીંગ કરવા દેવા મંજુરી માંગેલ છે.) જયારે તા.૨૭–૩–૦૮ ની અરજી સાથે બિડાણમાં આપેલ ટેનામેન્ટ તા.૧–૪–૦૭ ની અરજી સાથે બિડાણમાં આપેલ નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ ની વેરા ભર્યાની રસીદવાળું ટેનામેન્ટ તા.૧–૪–૦૭ ની અસરથી રેકર્ડ ઉપર દાખલ છે. તા.૧–૪–૦૭ ના રીપેરીંગ કરી બાદમાં તા.૨૭–૩–૦૮ ના રીપેરીંગ થઈ ગયા પછી આ તા.૨૭–૩–૦૮ ની અરજી કરેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાં મુદ્દા નં.૮ બાબતે તા.૨૭–૩–૦૮ ના રોજ ની અરજી સાથે ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ ના ભરપાઈ કરેલ વેરાબીલની રસીદ રજૂ કરેલ હોવાની કોઈ વિગત ઉપલબ્ધ નથી તેવું જણાવેલ. જે બાબતે અરજદારે અપીલમાં ખોટી માહિતી આપ્યાની રજૂઆત કરી તા.૧૭–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે જેની સાથે અરજદારને અગાઉની તા.૧૪–૩–૧૧ ના રોજ કરેલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ પત્ર નંસ.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૦૯ તા.૨૪–૧૧ માં પણ તેવો જવાબ કરેલ હોવાની રજૂઆત કરેલ છે. જે બાબતે અત્રેથી અરજદાર પાસેથી આરટીઆઈ સેલ/૧૧૪૮ તા.૨૪–૧૧–૧૧ ના પત્રથી મુળ અરજીની નકલ ફી ભર્યાની વિગત મુળ માહિતીથી મળેલ વિગત સામે મળેલ નારાજગીના આધાર રજૂ કરવા પત્ર પાઠવેલ. જેના સંદર્ભે અરજદારે તા.૧–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારે તેમની તા.૨૩–૯–૧૧ ના રોજ કરેલ મુળ અરજીની નકલ, સૈયદ શબીયા અબ્બાસની રીપેરીગ તા.૨૭–૩–૦૮ ના રોજ રીપેરીંગ માટે કરેલી અરજીની નકલ જેમાં બીડાણ તરીકે છેલ્લું વેરાબીલ ભરપાઈ કર્યાની રસીદ હોવાનું જણાવેલ છે. તેમજ અરજદારે સને ૨૦૦૭–૦૮ ના વર્ષમાં સેન્ટ્રલઝોન ખાતે સ્ટ્રોલ નં.૩૦૦/૩૬૩ તા.૩૧–૧૨–૦૭ ના રોજ ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧ –૦–૦૦૧ ના ટેક્ષ. ભર્યાની રસીદ આધાર તરીકે રજૂ કરેલ છે જે રસીદ માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ જણાવેલ અને જેની ટ્રુ કોપી સેન્ટ્રલઝોન સેકશન ઓફિસર તરફથી કરી આપવામાં આવેલ છે આથી અરજદારે સદરહુ કોપી મહાનગરપાલિકાના સેન્ટ્રલઝોન ખાતે ઉપલબ્ધ હોવાનો દાવો કરેલ છે અને તેમ છતાં તેની માહિતી દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહીં હોવા બાબતે સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૦૯ તા.૨–૪–૧૧ ના પત્રથી મુદ્દા નં.૧ થી માહિતી તેમજ સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૩૦ તા.૪–૧૧–૧૧ થી મુદ્દા નં.૬ થી પણ તેવી માહિતી આપ્યાની રજૂઆત કરેલ છે. અને તેથી તે માહિતી ખોટી હોવાનો દાવો કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ હાલમાં દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતીની સ્પષ્ટતા કરવાની રહે. અન્યથા અરજદારને તે બાબતે ઈન્સ્પેકશન આપી ખાતરી કરાવવાની રહે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૯–૧૧ થી  જાહેર માહિતી અધિકારી  તરફથી  માહિતી પૂરી પડાયેલ છે. જે પૈકી મુદ્દા નં.૬ અંગે  આપેલ માહિતી બાબતે હાલની પરિસ્થિતિએ સદર દફતરે  ઉપલબ્ધ હકીકતલક્ષી  માહિતીની  સ્પષ્ટતા કરવા અન્યથા  અરજદારને  લાગત ફાઈલનું ઈન્સ્પેકશન  આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં પુરું પાડી થયેલી કાર્યવાહીની અત્રે જાણ કરવા ઝોનલચીફ   અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :     –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ  અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી કે.એ.ઘીવાલા,